# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

# મંગળવાર, ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ (પ્રથમ બેઠક)

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ:** [ક્લાઈમેટ ચેન્જ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - વન અને પર્યાવરણ - ન્યાયતંત્ર - પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ].

**કુલ પ્રશ્નો 52**

----

### ભરૂચ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો

15/4/559 *1 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેન્ટરો પૈકી કેટલા કાર્યરત છે અને કેટલા કાર્યરત નથી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કાર્યરત નથી તેવા સેન્ટરો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

----

### રાજ્યમાં કાર્યરત બ્લડ બેંક

15/4/1112 *2 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૨-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક-૬૭ (અગ્રતા-૪૪)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યના ૧૩ જિલ્લાઓમાં એક પણ સરકારી બ્લડ બેંક ન હતી, તે પૈકી કયા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સરકારી બ્લડ બેંક કાર્યરત કરવામાં આવી, અને

(૨) ભારત સરકારની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં ઓછામાં ઓછી એક બ્લડ બેંક હોવી જરૂરી છે તે મુજબ ઉક્ત બાકી જિલ્લાઓમાં ક્યાં સુધીમાં સરકારી બ્લડ બેંક શરૂ કરવામાં આવશે?

----

## દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલ

15/4/755 *3 **શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલનું બાંધકામ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

----

## પાલીતાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ

15/4/753 *4 **શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા (પાલીતાણા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ બાંધકામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

----

## શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણિયામાં આવતા પ્રવાસીઓ માટે સુવિધા

**15/4/766 *5** **શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા (મોરબી):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણિયા ખાતે આવતા પ્રવાસીઓની સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરેલ છે, કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

----

## ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

**15/4/779 *6** **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબડીસ્ટ્રીકટ હોસ્પિટલ

**15/4/1158 *7** **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલો આવેલી છે, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં નવી સબડીસ્ટ્રીકટ હોસ્પિટલો બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે?

----

## આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના

15/4/785 *8 **શ્રી વિપુલકુમાર વિનુભાઇ પટેલ (સોજિત્રા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ કઈ બીમારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઉક્ત યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

----

## લીમખેડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

15/4/778 *9 **શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## દાહોદ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

15/4/780 *10 **શ્રી મહેન્દ્રભાઈ રમેશભાઈ ભાભોર (ગરબાડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

----

## રાજકોટ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

15/4/781 *11 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

----

## રી-સ્ટ્રકચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી-કન્સ્ટ્રકશન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના

15/4/935 *12 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૧૩૯૬ (અગ્રતા-૮૫)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૪-૯-૨૦૨૦થી રી-સ્ટ્રકચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી-કન્સ્ટ્રકશન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના કરવામાં આવેલ તેનો અહેવાલ સરકારને તા.૦૮-૦૨-૨૦૨૧ના મળેલ છે, તે અહેવાલ અંગે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયારે અને શી કાર્યવાહી કરી શાં પગલાં લેવામાં આવ્યા?

----

## નળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ

15/4/767 *13 **શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ (સાણંદ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આવેલ નળ સરોવરની આસપાસ પ્રવાસીઓ માટે કોઈ સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના

15/4/618 *14 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મા અંતર્ગત કેટલા કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજનાનો કેટલા લોકોએ લાભ લીધો અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજ બનાવવા બાબત

15/4/1196 *15 **શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા (બોટાદ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડીકલ કોલેજ માટેની જમીન કઈ જગ્યાએ ફાળવવામાં આવેલ છે,

(૨) આ સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજ નું કામ કયા તબક્કે છે,

(૩) સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, અને

(૪) ઉક્ત કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

----

## સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની જગ્યાઓ

15/4/1115 *16 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૩૨૭૯ (અગ્રતા-૧૦૨)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની ૪૩૩ જગ્યાઓ ખાલી હતી તે વહીવટી અનુકૂળતા અનુસાર ભરવાની હતી તો તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## અમદાવાદની કેન્સર હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને યુ.એન. મહેતા હોસ્પિટલને મળેલ ગ્રાન્ટ

15/4/717 *17 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં અમદાવાદની કેન્સર હોસ્પિટલ, કીડની હોસ્પિટલ તથા યુ.એન.મહેતા હોસ્પિટલને રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ખર્ચ કરવાની બાકી રહી, અને

(૪) ગ્રાન્ટ ખર્ચ કરવાની બાકી રહેવાના કારણો શું છે?

----

## રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે સહાય

15/4/1102 *18 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**વન અને પર્યાવરણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૨-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૪૧૪ (અગ્રતા-૩૮)ના અનુસંધાને માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) સિંહના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે જુલાઈ-૨૦૨૨ના ૧૨ બાબતો માટે નાણાકીય સહાય માંગવામાં આવેલ હતી તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમની સહાય મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ સહાય પૈકી કયા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

----

## અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલને ચાલુ કરવા બાબત

15/4/1103 *19 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક-૬૯ (અગ્રતા-૬૫)ના અનુસંધાને માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરના રાયખડ ખાતે આવેલા જયશંકર સુંદરી હોલ(નાટકીયગૃહ)ના

પેસેજમાં ફોલ્સ સીલીંગનો અમુક ભાગ તૂટી પડવાથી સલામતીના કારણોસર નાટ્યગૃહ બંધ કરવામાં આવેલ તેને શરૂ કરવા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં બજેટ જોગવાઈ સૂચવામાં આવેલ તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત હોલને શરૂ કરવા કયા પ્રકારની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત હોલને શરૂ કરવા કયા પ્રકારના કામ માટે કેટલો ખર્ચ થનાર છે, અને

(૩) ઉક્ત હોલને ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે?

----

## જિલ્લા મેલેરીયા અધિકારીની મંજૂર જગ્યાઓ

15/4/1094 *20 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૩૨૪૭ (અગ્રતા-૭૧)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં જિલ્લા મેલેરીયા અધિકારીની ૩૩ જગ્યા મંજૂર થયેલ તે પૈકી ૨૮ જગ્યાઓ ખાલી હતી તેમાંથી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ

15/4/1109 *21 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૪-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક-૧૭૯૦ (અગ્રતા-૩૩)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગીર સોમનાથ જિલ્લામાં ૩૬ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા હતા તે કયા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કયા પેટા આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ સમયસર પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે?

----

## ધાનેરા શહેરમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર

15/4/272 *22 **શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ (ધાનેરા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત હાલતમાં છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા, તો વસતીના ધોરણે સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ-ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ફેરવવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

----

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

15/4/761 *23 **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા (ધોરાજી):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ-૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને કેટલી સહાયની રકમ ચુકવવામાં આવે છે?

----

## સિંહના સંરક્ષણ અને સંભાળ માટે ખર્ચ

15/4/1215 *24 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગીર અને બૃહદ ગીર વિસ્તારમાં સિંહના સંરક્ષણ અને સંભાળ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત વર્ષવાર ઉક્ત વિસ્તારમાં સિંહ, સિંહણ અને સિંહબાળના મૃત્યુ કુદરતી થયા અને કેટલા અકુદરતી મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી રીતે ઉક્ત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકારે શા પગલા લીધા?

----

## રાજ્યમાં કેમ્પા યોજના

15/4/777 *25 **શ્રી અમિત ઠાકર (વેજલપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગુજરાત રાજ્યમાં વન વિભાગમાં ચાલતી કેમ્પા યોજના શું છે,

(૨) આ યોજના હેઠળ રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કયા કયા કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## થોળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ

15/4/768 *26 **શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી (કડી):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ થોળ સરોવરની આસપાસ પ્રવાસીઓ માટે કોઈ સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

15/4/782 *27 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવિધા

15/4/770 *28 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આવેલ ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## એમ. કે. યુનિવર્સિટી, પાટણ (વડલી)ને ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા

15/4/822 *29 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ એમ. કે. યુનિવર્સિટી, પાટણ (વડલી)ને ખાનગી યુનિવર્સિટી તરીકે ક્યારે માન્યતા આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યુનિવર્સિટી ક્યા સ્થળે કાર્યરત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યુનિવર્સિટી ભાડાના મકાનમાં કાર્યરત છે કે પોતાના મકાનમાં કાર્યરત છે?

----

## અમરેલી સ્થિત રાજમહેલને વિકસાવવા માટે કામગીરી

15/4/765 *30 **શ્રી જનકભાઈ તળાવિયા (લાઠી):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી શહેરમાં આવેલ ઐતિહાસિક ઈમારત તરીકે જાણીતા રાજમહેલને વિકસાવવા માટે કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## અમદાવાદ શહેરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના

15/4/411 *31 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય – મા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવાઓ પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

----

## અધ્યાપક સહાયકોને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમના લાભ

15/4/1097 *32 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૩૪૪૪ (અગ્રતા-૮૦)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની નોકરી સંતોષકારક પૂર્ણ થયા બાદ નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક પામેલ છે તેવા અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની નોકરીને સળંગ ગણી કેરીયર એડવાન્સમેન્ટ(સી.એ.એસ.)ના લાભો આપવાની બાબત સરકારના વિચારણા હેઠળ હતી તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વિચારણા પૂર્ણ કરીને ક્યારથી ઉક્ત લાભ આપવામાં આવેલ છે, અને

(૨) જો ઉક્ત સ્થિતિએ વિચારણા પૂર્ણ ન થયેલ હોય તો તે ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત લાભ આપવામાં આવશે?

----

## કલોલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/775 *33 **શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે દર્દીઓને સારવાર પેટે સહાય

15/4/784 *34 **શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ (બાપુનગર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે રાજ્ય અને રાજ્ય બહારથી કેટલા દર્દીઓએ સારવાર લીધી,

(૨) તે પૈકી રાજ્યના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના દર્દીઓ માટે સહાયની કોઈ યોજના છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના દર્દીઓની સારવાર માટે કેટલી રકમની સહાય કરવામાં આવી?

----

## સરકારી પોલિટેકનિક કોલેજોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/1091 *35 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક: ૨૪૩ (અગ્રતા-૩)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી પોલિટેકનિક વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની અનુક્રમે ૮૪, ૧૮૨ અને ૭૨૦ જગ્યાઓ ખાલી હતી, તે વહીવટી અનુકૂળતાએ ભરવાનું આયોજન હતુ તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સંવર્ગવાર ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/774 *36 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## વસો ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગ

15/4/762 *37 **શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર (માતર):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં ખેડા જિલ્લાના વસો તાલુકા ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## સાવરકુંડલા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/773 *38 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## અબડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/1085 *39 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કઈ જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## યુવાનોના હાર્ટ એટેકથી મૃત્યુ

15/4/930 *40 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી રાજ્યમાં યુવાનોના હાર્ટ એટેકથી મૃત્યુ થઈ રહ્યા છે તે બાબતથી સરકાર વાકેફ છે કે કેમ,અને

(૨) જો હા, તો યુવાનોના હાર્ટ એટેકથી મૃત્યુના મુખ્ય શાં કારણો સામે આવ્યા?

----

## ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ, જામનગરનું મંજૂર મહેકમ

15/4/1159 *41 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓે ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## લાઠીદડ અને કાનીયાડ ગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ

15/4/1203 *42 **શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા (બોટાદ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બોટાદ તાલુકાના લાઠીદડ અને કાનીયાડ ગામે નવા

પ્રથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ કયા તબક્કે છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) ઉક્ત નવા બાંધકામ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે?

----

## રેન્જ ફોરેસ્ટ ઓફિસરની ભરતી પ્રક્રિયા

15/4/1104 *43 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**વન અને પર્યાવરણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક-૮૪૩ (અગ્રતા-૭૩)ના અનુસંધાને માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) જી.પી.એસ.સી.એ હાથ ધરેલ જાહેરાત ક્રમાંક: ૨૦૯/૨૦૦૯/૧૦ વન વિભાગની રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષકની ભરતી પ્રક્રિયાને ૧૩ વર્ષ પૂર્ણ થયા બાદ પણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલ નથી તેમાં પસંદ પામેલ ૬ મહિલાઓ પૈકી ૪ SEBC મહિલા ઉમેદવારોને નિમણૂંક સંબંધિત કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરી SEBCની ૪ મહિલા ઉમેદવારો પૈકી કેટલી મહિલા ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## રાજ્યમાં સરકારી, ખાનગી અને અનુદાનિત મેડીકલ કોલેજો

15/4/1095 *44 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડીકલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત કોલેજોમાં વર્ષવાર સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો?

----

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની બેઠકોમાં અનામત

15/4/1110 *45 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ-૨૦૨૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી.માં કેટલી બેઠકો માટે પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત મંજૂરી આપવામાં આવેલ બેઠકો પૈકી કેટલા ટકા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રવેશ આપવામાં અનામતનું પાલન ન થયું હોય તો કયા જવાબદારો સામે શા પગલાં લીધા?

----

## ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં સરકારી આર્ટસ,કોમર્સ અને સાયન્સ કોલેજ

15/4/939 *46 **શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં એકપણ આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી કોલેજ આવેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે, કેમ,

(૨) જો હા, તો ઉક્ત તાલુકાઓમાં નવી સરકારી કોલેજ બનાવવાનું સરકારનું શું આયોજન છે, અને

(૩) ઉક્ત તાલુકામાં કોલેજો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

----

## સરકારી યુનિવર્સિટીઓની ભરતીમાં ગેરરીતિ અંગે ફરિયાદો

15/4/823 *47 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આવેલ કઈ સરકારી યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જગ્યાઓ પર કાયમી અને હંગામી ભરતીમાં ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે તે પૈકી કઈ યુનિવર્સિટીમાં થયેલ ગેરરીતિ અંગે અહેવાલ/તપાસ માટે સમિતિ બનાવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી સમિતિઓએ અહેવાલ સોંપ્યા અને કેટલી સમિતિના અહેવાલ સરકારને મળવાના બાકી છે, અને

(૪) ઉક્ત મળેલ અહેવાલ અન્વયે સરકારે કોની સામે શા પગલાં લીધાં ?

----

## જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ

15/4/415 *48 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે?

----

## નલિયા ખાતે સરકારી કોલેજ બનાવવા બાબત

15/4/1208 *49 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અબડાસા તાલુકાનાં નલિયા ખાતે સરકારી કોલેજ બનાવવા માટે કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ બાબતની મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે ગ્રાન્ટ

15/4/1163 *50 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર ક્યા પ્રવાસન સ્થળ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કયા નવા પ્રવાસન સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો?

----

## ભાવનગર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં ઓપીડી વિભાગ

15/4/1205 *51 **શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા (બોટાદ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં નવો ઓપીડી વિભાગ શરૂ કરવામાં આવેલ છે, કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત ઓપીડી વિભાગનું નવું બિલ્ડીંગ ક્યારે અને કેટલા ખર્ચે બનાવવામાં આવ્યું હતું?

----

## ઈન્ટીગ્રેટેડ મોડ્યુલ ઓફ પ્લેસમેન્ટ, એપ્રેન્ટિસશીપ કમ ટ્રેનીંગ યોજના

15/4/757 *52 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ઈન્ટીગ્રેટેડ મોડ્યુલ ઓફ પ્લેસમેન્ટ, એપ્રેંટિસશીપ કમ ટ્રેનીંગ (IMPACT) યોજના શું છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----